**ક્રમાંક: ગુજકા/વેટ/૬/૨૦૦૮-૨૦૦૯/જા-૬૫/૫૯**

વાણિજિયકવેરા કમિશનરની કચેરી,
ગુજરાત રાજય, વેચાણવેરા ભવન,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તા. ૧૯ /૧૨/૨૦૦૮

# જાહેર પરિપત્ર

વિષય :- ધારાકીય ફોર્મ ઈસ્યુ કરવાની પધ્ધતિમાં ફેરફાર બાબત.

કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળના ફોર્મ્સ મેળવવા બાબતે અત્રેના તા.૧-૧૧-૨૦૦૮ના જાહેર પરિપત્ર ક્રમાંક: ૬૧/૫૫ થી ફોર્મ મેળવવાની વ્યવસ્થામાં કરવામાં આવેલ ફેરફાર અંગે સુચનાઓ આપવામાં આવેલ હતી. આ સંદર્ભમાં ઉભા થયેલ પ્રશ્નો અને તે અંગે કરવામાં આવેલ ફેરફાર અંગે નીચે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૧) તા.૩૦/૬/૨૦૦૮ સુધીના આંતરરાજય વ્યવહારો માટે જરૂરી ''સી", "એફ" અને "એચ" ફોર્મ અંગે મળેલ અરજીઓનો તા.૨૪/૧૨/૦૮ સુધીમાં નિકાલ કરવામાં આવશે. જેથી જે વેપારીઓએ ફોર્મ મેળવવા અરજી કરેલ છે. પણ ફોર્મ મેળવેલ નથી. તેઓએ સદરહુ તારીખ પહેલા સંબંધિત ઘટક કચેરીમાંથી ફોર્મ મેળવી લેવાના રહેશે.

(૨) જે વેપારી હસ્તક વણવપરાયેલ "સી", "એફ" અને "એચ" ફોર્મ ઉપલબ્ધ છે. તેવા વેપારી તારીખ: ૩૧-૩-૦૯ સુધીના આંતરરાજય વ્યવહારો માટે તે ફોર્મનો ઉપયોગ કરી શકશે.

(૩) તા.૧-૪-૦૯ થી જુના "સી", "એફ" અને "એચ" ફોર્મના નમુનો રદ કરવામાં આવનાર હોઈ તા.૧-૪-૦૯ પછી કરેલ આંતરરાજય વ્યવહારો માટે આ જુના ફોર્મનો ઉપયોગ કરી શકાશે નહીં. આ બાબતની જાણ બધા રાજયોને પણ કરવામાં આવશે . જેથી ફોર્મની કાયદેસરતા અંગે પાછળથી વિવાદ ઉપસ્થિત ન થાય.

(૪) વેપારીએ તા.૧-૪-૦૯ ની સ્થિતિએ વણવપરાયેલા "સી", "એફ" અને "એચ" ફોર્મ જે તે ઘટક અધિકારીને તા.૨૦-૪-૦૯ સુધીમાં વાપરેલા ફોર્મની યાદી સાથે જમા કરાવી દેવાના રહેશે.

(૫) તા-૩૦-૬-૨૦૦૮ પછી જે તે ત્રિમાસિક ગાળા માટે જરૂરી "સી", "એફ" અને "એચ" ફોર્મ પૂરતી સંખ્યામાં વેપારી હસ્તક ઉપલબ્ધ ના હોય તેવા કિસ્સામાં જે તે વેપારીએ ઉપલબ્ધ તમામ "સી" , "એફ" અને "એચ" ફોર્મનો ઉપયોગ કર્યા બાદ તેનો હિસાબ જે તે ઘટકમાં રજુ કરવાના રહેશે. તે સાથે ત્રિમાસિક ગાળા માટે ખૂટતા " સી " એફ, એચ, ફોર્મની સંપૂર્ણ વિગતો સાથે ઘટકમાં માંગણી કરવાની રહેશે.

(૬) ત્રિમાસિક ગાળા માટે વેપારીએ પોતાના પાસે ઉપલબ્ધ જથ્થામાંથી જે વ્યવહારો માટે ફોર્મ ઈસ્યુ કર્યા છે તેનો હિસાબ રજુ થયેથી આપવાના થતા ફોર્મની વિગતોની ચકાસણી કરી ઘટકે અભિપ્રાય સાથે તે અરજી અધિક/સંયુકત વાણિજિયકવેરા કમિશનરશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે. આવા ખૂટતા ફોર્મ વિભાગીય કચેરી દ્રારા ઈસ્યુ કરવામાં આવશે.

(૭) જે વેપારીઓ હસ્તક "સી", "એફ" અને "એચ" ફોર્મનો સ્ટોક ઉપલબ્ધ છે તેવા વેપારીઓએ પણ તા.૩૦/૯/૦૮ના જાહેરનામાથી કેન્દ્રિય વેચાણવેરા (ગુજરાત) નિયમોમાં થયેલ સુધારા મુજબ E-return ફરજિયાત ભરવાના રહેશે.

(૮) ધારાકીય ફોર્મ E-1 અને E-2 હાલની પધ્ધતિ મુજબ બીજી વ્યવસ્થા ગોઠવવામાં ના આવે ત્યાં સુધી જે તે ઘટક કચેરી દ્રારા ઈસ્યુ કરવામાં આવશે.

સહી/-
( પી.કે.પૂજારી )
**વાણિજિયકવેરા કમિશનર,**
**ગુજરાત રાજય, અમદાવાદ**

નકલ રવાના :

૧. અધિક સચિવશ્રી (કર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજિયકવેરા કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રીને
૩. ખાસ વાણિજિયકવેરા કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રીને
૪. અધિક વાણિજિયકવેરા કમિશ્નરશ્રીના અંગત મદદનીશશ્રીને.
૫. સઘળા અધિક/સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રીને,
૬. તમામ નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રીને,
૭. તમામ સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રીને,
૮. તમામ વાણિજિયકવેરા અધિકારીશ્રીને,
૯. દફતર/તાલીમ શાળાને દસ દસ નકલમાં
૧૦. વાણિજિયકવેરા ખાતાની તમામ કચેરીઓ,
૧૧. ૫ નકલ જનસંપર્ક શાખાને
૧૨. સઘળા માન્ય મંડળો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

સહી/-
( એન.એ.આચાર્ય )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ